# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19-01-2026** **Evening : 7.10 to 7.20 PM**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોષી** વાંચે છે.

---

1) નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વ હેઠળનું રાજ્ય સરકારનું ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ મિલાન પહોંચ્યું.
2) કેન્દ્રીય સામાજિક ન્યાય અને અધિકારીતા રાજ્યમંત્રી રામદાસ આઠવલેએ અમદાવાદમાં કેન્દ્ર સરકારની યોજનાઓની પ્રગતિની સમીક્ષા કરી
3) રાજ્યમાં “તમારા પૈસા – તમારો અધિકાર” અભિયાન હેઠળ 104 કરોડ રૂપિયાથી વધુની રકમ મૂળ ખાતેદારને પરત અપાઈ
4) અમદાવાદમાં શાળાની બહાર વિદ્યાર્થી પર થયેલા હુમલા બાબતે પોલીસે છ લોકોને પકડ્યા.
5) દમણનાં ખેલાડી શ્રેયા રસ્તોગીએ રાષ્ટ્રીય સ્તરની વ્યાયામ સ્પર્ધામાં કાંસ્ય ચંદ્રક જીત્યો.

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# HARSH SANGHAVI WEF

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વ હેઠળનું રાજ્ય સરકારનું ઉચ્ચ સ્તરનું પ્રતિનિધિમંડળ આજે મિલાન પહોંચતાં લોકોએ ભવ્ય સ્વાગત કર્યું. વિમાનમથક પર શ્રી સંઘવીએ લોકો સાથે સંવાદ કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે, આ પ્રતિનિધિમંડળ સ્વિત્ઝર્લૅન્ડના દાવોસમાં આજથી 23 જાન્યુઆરી સુધી યોજાનારી વર્લ્ડ ઇકોનોમિક ફૉરમ – WEFમાં ભાગ લેશે. તેમાં ગુજરાત રાજ્ય વિકસિત ગુજરાતની વ્યૂહરચના અને મજબૂત ઔદ્યોગિક વારસાને રજૂ કરશે. આ વાર્ષિક બેઠકમાં ગુજરાતને વૈશ્વિક ઉત્પાદન કેન્દ્ર તરીકે રજૂ કરાશે. તેમજ આ બેઠકમાં રાજ્યની ભાગીદારી રાજ્યના આર્થિક ઉત્થાન માટે નવી ક્ષિતિજ ખોલશે તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

. . . . . .

# ISHWARSINH PATEL FLAG OFF

જળસંપત્તિ રાજ્યમંત્રી ઇશ્વરસિંહ પટેલે ગાંધીનગરથી 10 કરોડ 83 લાખ રૂપિયાથી વધુની કિંમતના 15 વાહનોનું પ્રસ્થાન કરાવ્યું. વરસાદી પાણીના સંગ્રહ અભિયાન હેઠળ રાજ્યભરમાં આ વાહનો નહેર , તળાવ અને બંધના નિર્માણ તથા સમારકામમાં મદદરૂપ થશે. નવા વાહનો દ્વારા વાર્ષિક અંદાજે 70 લાખ ઘન મીટરથી વધુ માટીકામ, હયાત નહેર સફાઈ, નડતરરૂપ ઝાડી-ઝાંકરા દૂર કરવાની કામગીરીની વધુ વેગ મળશે તેમ મંત્રીશ્રીએ જણાવ્યું હતું.

(બાઈટ – ઈશ્વરસિંહ પટેલ)

. . . . .

# RAMDAS ATHAWALE AMDAVAD

કેન્દ્રીય સામાજિક ન્યાય અને અધિકારીતા રાજ્યમંત્રી રામદાસ આઠવલેએ જણાવ્યું છે કે , પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત આજે વિશ્વના ટોચના અર્થતંત્રમાં ચોથા ક્રમે પહોંચ્યું છે.

અમદાવાદ અતિથિગૃહ ખાતે આજે જિલ્લાસ્તરના ઉચ્ચ અધિકારીઓ સાથે યોજાયેલી સમીક્ષા બેઠકમાં મંત્રીશ્રીએ કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓની પ્રગતિની વિગતવાર સમીક્ષા કરી. ત્યારબાદ પત્રકારોને સંબોધતા મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે , 'મેક ઇન ઇન્ડિયા ' અભિયાનથી દેશમાં ઉત્પાદન ક્ષેત્રે ક્રાંતિ આવી છે, જેનાથી રાજ્ય સહિત સમગ્ર દેશમાં રોજગારીની નવી તકનું સર્જન થઈ રહ્યું છે.

સમીક્ષા બેઠક દરમિયાન શ્રી આઠવલેએ શૈક્ષણિક સહાય , સામાજિક સુરક્ષા, આંતરજ્ઞાતિય લગ્ન યોજના અને દિવ્યાંગજનો માટેની કલ્યાણકારી યોજનાઓના અમલીકરણ અંગે અધિકારીઓને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

. . .

# REPUBLIC DAY VAV THARAD

વાવ-થરાદ જિલ્લામાં 77-મા પ્રજાસત્તાક પર્વની રાજ્યકક્ષાની ઉજવણી કરાશે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ધ્વજવંદન કરશે અને પરેડની સલામી ઝિલશે. આ પ્રસંગે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ તથા પોલીસ દળ દ્વારા વિવિધ નિદર્શન પ્રસ્તુત કરાશે.

ઉપરાંત નાયબ મુખ્યમંત્રી અમદાવાદમાં મકરબા ખાતે અને અન્ય મંત્રીશ્રીઓ વિવિધ જિલ્લામાં તાલુકામથકોએ ધ્વજવંદન કરાવશે. તો , નવ સ્થળ પર જિલ્લા કલેક્ટરના હસ્તે ધ્વજવંદન થશે તેમ , રાજ્યના સામાન્ય વહિવટ વિભાગની સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

. . . .

# TAMARA PAISA TAMARO ADHIKAR

"તમારા પૈસા – તમારો અધિકાર" અભિયાન હેઠળ રાજ્યમાં 104 કરોડ રૂપિયાથી વધુની રકમ તેમના મૂળ ખાતેદારને પરત કરવામાં આવી છે. કેન્દ્રીય નાણામંત્રી નિર્મળા સીતારમણે ઑક્ટોબર 2025માં ગાંધીનગરથી રાષ્ટ્રવ્યાપી નાણાકીય જાગૃતિ અભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો. તે અંતર્ગત 31 ડિસેમ્બર 2025 સુધીમાં 104 કરોડ રૂપિયાની રકમ ખાતેદારોને સ્વમાનભેર પરત અપાઈ છે.

(V/C- YASHVI MAHETA)

*(.... રાજ્યભરમાં આ અભિયાનના પ્રારંભથી ડિસેમ્બર 2025 સુધીમાં કુલ 26 હજાર 874 દાવા રજૂ કરાયા હતા. દાવાઓની નિયમ મુજબની ખરાઈ કરીને સંબંધિત બૅન્ક દ્વારા ખાતેદારોને તેમની રકમ પરત કરવામાં આવી છે. રાજ્યમાં જાહેર ક્ષેત્રની વિવિધ બૅન્કમાં અંદાજે બે હજાર 836 કરોડ રૂપિયાથી વધુની અને વીમા કંપનીઓમાં અંદાજે 235 કરોડ રૂપિયાની રકમ અનક્લેમ્ડ એટલે કે , હક દાવો ન કરાયેલી પડી છે. તેમાંથી આ અભિયાન થકી ડિસેમ્બર-2025 સુધીમાં 104 કરોડ રૂપિયાથી વધુની રકમ તેમને કરેલા દાવાઓ મુજબ પરત કરવામાં આવી છે. રાજ્ય સરકારના તમામ વિભાગમાં આવી રકમ માટે વિશેષ જાગૃતિ અભિયાન ચલાવીને તેમના ઘર સુધી તેમના હક્કના નાણા પહોંચાડવામાં આવી રહ્યા હોવાનું તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.*

. . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

...............

# POLICE BHARATI BOARD

ગુજરાત પોલીસ ભરતી બૉર્ડ દ્વારા 13 હજાર 591 જગ્યાઓની ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ જાહેરાત હેઠળ 10 લાખથી વધુ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. તમામ ઉમેદવારોને શારીરિક ક્ષમતા કસોટી અને શારીરિક માપ કસોટી માટે 21 જાન્યુઆરીથી રાજ્યના નિર્ધારિત 15 શહેર , જિલ્લા, SRP જૂથ, તાલિમ કેન્દ્રના પરીક્ષા કેન્દ્ર ખાતે બોલાવવામાં આવશે.

11 ગ્રાઉન્ડ ખાતે પુરુષ ઉમેદવારની 21 જાન્યુઆરીથી 13 માર્ચ સુધી તથા ચાર ગ્રાઉન્ડ ખાતે મહિલા ઉમેદવારો અને માજી સૈનિક ઉમેદવારોની 21 જાન્યુઆરીથી છ માર્ચ સુધી શારીરિક કસોટી યોજાશે. પુરુષ ઉમેદવારોએ પાંચ હજાર મીટરની દોડ 25 મિનિટમાં , મહિલા ઉમેદવારોએ એક હજાર 600 મીટરની દોડ નવ મિનિટ અને 30 સેકેન્ડમાં તથા માજી સૈનિક ઉમેદવારોએ બે હજાર 400 મીટરની દોડ 12 મિનિટ 30 સેકન્ડમાં પૂરી કરવાની રહેશે તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

. . . . . .

# GUJARAT BOARD

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી 28 જાન્યુઆરીએ ધોરણ નવના વિદ્યાર્થીઓની પ્રખરતા શોધ કસોટી લેવાશે. આ માટે વિદ્યાર્થીઓ પોતાના પ્રવેશપત્ર બોર્ડની વેબસાઇટ GSEB.ORG અથવા TST.GSEBHT.IN પરથી શાળા દ્વારા આજથી ડાઉનલોડ કરી શકશે. તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

. . . . . . .

# AMDAVAD SCHOOL BABAL

અમદાવાદમાં ઘાટલોડિયાની એક શાળાની બહાર ધોરણ 10ના એક વિદ્યાર્થી પર અન્ય વિદ્યાર્થી દ્વારા કરાયેલા હુમલા મામલે પોલીસે તપાસ હાથ ધરી છે. આ અંગે પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રી ડૉક્ટર પ્રદ્યુમન વાજાએ કહ્યું , પોલીસે આ મામલે છ લોકોને પકડ્યા છે. જ્યારે ઇજાગ્રસ્ત વિદ્યાર્થીને હૉસ્પિટલ ખસેડાયા છે.

(BYTE: PRADHYUMAN VAJA, EDUCATION MINISTER)

. . . . .

# AMDAVAD BUS AAG

અમદાવાદમાં સોલા ભાગવત ચાર રસ્તા પરથી પસાર થતી 501 નંબરની AMTS બસમાં આગનો બનાવ બન્યો હતો. મળતી માહિતી મુજબ, અડાલજ ત્રિમંદિરથી સરખેજ ઉજાલા તરફ જતી આ અમદાવાદ મહાનગર પરિવહન સેવા – બસમાં આગ લાગતા અગ્નિશમન દળની બે ગાડી ઘટનાસ્થળે પહોંચી આગને કાબૂમાં લીધી હતી.

બસમાં આગની જાણ થતાં બસચાલકે સમય સૂચકતાનો ઉપયોગ કરી મુસાફરોને પાછળના દરવાજાથી ઉતરવાનું કહેતા જાનહાની ટળી હતી. આ સમગ્ર મામલે બસ ઑપરેટરને નૉટિસ આપી દંડની કાર્યવાહી કરાશે, તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

. . .

# MEHSANA GARBA MAHAKUMBH

મહેસાણામાં આગામી 25 અને 26 જાન્યુઆરીએ બહુચર માતા ધામનો 13-મો પાટોત્સવ યોજાશે. બહુચરાજી તાલુકાના સંખલપુર ગામમાં આ પ્રસંગે બહુચર માતાજી મંદિર ટ્રસ્ટ દ્વારા આનંદના ગરબાનું આયોજન કરાયું છે. તેમાં ગુજરાત , મુંબઈ સહિત વિવિધ સ્થળેથી આવેલા 350થી વધુ આનંદના ગરબા મંડળ ભાગ લેશે. ભક્તો માટે રહેવા અને જમવાની પણ વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે.

. . . . .

# DAMAN BRONZE MEDAL

કેન્દ્રશાસિત પ્રદેશ દમણનાં ખેલાડી શ્રેયા રસ્તોગીએ રાષ્ટ્રીય સ્તરની વ્યાયામ – જિમ્નેસ્ટિક્સ સ્પર્ધામાં કાંસ્ય ચંદ્રક જીત્યો છે. પશ્ચિમ બંગાળના કોલકાતામાં તાજેતરમાં યોજાયેલી 69-મી ભારતીય રાષ્ટ્રીય શાળા રમતગમત મહામંડળ – SGFIની 17 વર્ષથી ઓછી વયની શ્રેણીમાં તેમણે આ સિદ્ધિ મેળવી છે.

રાષ્ટ્રીય સ્તરની આ સ્પર્ધામાં દેશભરના ખેલાડીઓ સામે શ્રેયા રસ્તોગીએ ઉત્તમ સંકલન, સંતુલન, સુગમતા અને તકનીકી કુશળતા બતાવી હતી. આગામી સમયમાં રાષ્ટ્રીય અને આંતર-રાષ્ટ્રીય સ્પર્ધામાં પણ આ ખેલાડી સારું પ્રદર્શન કરે તે માટે રમતગમત વિભાગે તેમને અભિનંદન પાઠવ્યાં છે.

. . . . . .

# EVE WPL GUJARAT MATCH

મહિલા પ્રીમિયર લીગ – WPL ક્રિકેટમાં આજે ગુજરાત જાયન્ટ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ વચ્ચે મુકાબલો થશે. વડોદરામાં કોટમ્બીના BCA સ્ટેડિયમમાં હમણાં સાડા સાત વાગ્યે WPLની આ 12-મી મેચ શરૂ થશે.

હાલમાં મળતાં અહેવાલ મુજબ , ગુજરાતે ટૉસ જીતીને પહેલાં બૉલિંગ _પસંદ કરી છે. ગુજરાતની ટીમ એશલિ ગાર્ડનર અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુની ટીમ સ્મૃતિ મંધાનાની આગેવાની હેઠળ મેદાનમાં ઉતરશે.

....

# MARG SALAMATI – OVER ALL

રાજ્યભરમાં માર્ગ સલામતી માસની ઉજવણી કરવામાં આવી રહી છે , ત્યારે ગીર સોમનાથમાં આ અંગે યોજાયેલી જાગૃતિ રેલીમાં પોલીસ, વિદ્યાર્થીઓ સહિતના લોકોએ ટ્રાફિકના પાલનની પ્રતિજ્ઞા લીધી. ઉપરાંત વાહન ચાલકોને માર્ગ સલામતીના નિયમોની પત્રિકાનું પણ વિતરણ કરાયું.

બીજી તરફ મહીસાગરના લુણાવાડામાં પી. એન. પંડ્યા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે યોજાયેલા જનજાગૃતિ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને માર્ગ સલામતીના નિયમ અને અકસ્માત નિવારણ અંગે માહિતી અપાઈ. હેલ્મેટ અને સીટબેલ્ટનો ઉપયોગ કરવા અનુરોધ કરાયો હતો. આ તકે રાહ વીર યોજના અંગે પણ માહિતી અપાઈ.

અમરેલી GSRTC નિયામક કચેરી ખાતે ભાવનગર , અમરેલી અને જુનાગઢના 130 જેટલા બસ ચાલક , કંડક્ટર્સને માર્ગ સલામતી અંગે માર્ગદર્શન અપાયું.

. .